# અલ નીનો આ વર્ષના અંત સુધીમાં સૌથી શક્તિશાળી બનવાની શક્યતા

**આ** પરિસ્થિતિ 2027ની શરૂઆત સુધી ટકી રહેવાની 100% સંભાવના

નવી દિલ્હી, તા. 3: ટ્રોપિકલ પેસિફિક (ઉષ્ણકટિબંધીય પ્રશાંત મહાસાગર)માં અલ નીનો ઝડપથી મજબૂત થયો છે અને આ વર્ષના અંત સુધીમાં તે અત્યંત તીવ્ર રૂપ ધારણ કરે તેવી શક્યતા છે. વર્લ્ડ મેટોરોલોજિકલ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએમઓ)એ ફેબ્રુઆરી 2027 સુધી આ પરિસ્થિતિ ચાલુ રહેવાની 100% શક્યતા દર્શાવી છે.

આ ચેતવણી માત્ર તેના લાંબા ગાળા સુધી ટકી રહેવા પૂરતી સીમિત નથી. ડબ્લ્યુએમઓના અધિકારીઓએ જણાવ્યું હતું કે, જો સમુદ્ર ગરમ થવાનો વર્તમાન ટ્રેન્ડ વર્ષના અંત સુધી ચાલુ રહેશે તો આ ઘટના આધુનિક મોનિટરિંગ શરૂ થયા પછીનો અત્યાર સુધીનો સૌથી શક્તિશાળી અલ નીનો બની શકે છે.

3 સપ્ટેમ્બરે જારી કરાયેલા ડબ્લ્યુએમઓના તાજેતરના અપડેટમાં પ્રથમ વખત અલ નીનો અંગે આટલા ઉચ્ચ સ્તરનો આત્મવિશ્વાસ અને ચોક્કસતા વ્યક્ત કરવામાં આવી છે. સંસ્થાએ ઉમેર્યું હતું કે, સમુદ્રનું અસાધારણ ગરમ તાપમાન અલ નીનોને વધુ મજબૂત કરવામાં મદદ કરી રહ્યું છે અને તેની આબોહવા પર અસરો 2027 સુધી ચાલુ રહેવાની શક્યતા છે.

અલ નીનો એ એક કુદરતી આબોહવા પેટર્ન છે જેમાં મધ્ય અને પૂર્વ ટ્રોપિકલ પેસિફિકમાં પાણી અસામાન્ય રીતે ગરમ થઈ જાય છે, તેમ જ વાતાવરણમાં પણ ફેરફારો આવે છે. આ ફેરફારો પેસિફિક ક્ષેત્રથી ઘણા દૂર સુધી વરસાદ અને તાપમાનની પેટર્નને બદલી શકે છે. સમુદ્ર અત્યારથી જ બતાવી રહ્યો છે કે આ ઘટના કેટલી અસાધારણ છે.

# 'હેપ્પી બર્થ-ડે બસંતી': યુપીના શખસે તેની વહાલી ભેંસ માટે પાર્ટી યોજી





**ઉજવણીનો** વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો

બલિયા, તા. 3 (PTI) જ્યારે જન્મદિવસ ભેંસનો હોય ત્યારે પણ ઉજવણીમાં ફુગ્ગા, ફૂલની માળાઓ, બર્થ-ડે કેપ, કેક અને 'હેપ્પી બર્થ-ડે'નો સમૂહગાન હોઈ શકે છે. રાજેશ કુમાર વર્માએ મંગળવારે રાત્રે બલિયા જિલ્લાના બડગાંવ ગામમાં એક અનોખા સમારોહમાં પોતાની પાળતુ ભેંસ બસંતીનો ચોથો જન્મદિવસ ઉજવ્યો હતો, જેમાં ગ્રામજનો પણ આ પાર્ટીમાં જોડાયા હતા. ઉજવણીના સ્થળને રંગબેરંગી ફુગ્ગાઓથી શણગારવામાં આવ્યું હતું અને બસંતીને આ પ્રસંગ માટે તેના માથા પર ફૂલોનો હાર અને 'હેપ્પી બર્થ-ડે' કેપ પહેરાવવામાં આવી હતી. તેની સામે બે કેક રાખવામાં આવી હતી અને ગ્રામજનો તેની આસપાસ ભેગા થયા હતા. જ્યારે કેક કાપવામાં આવી ગ્રામજનોએ તાળીઓ પાડી અને 'હેપ્પી બર્થ-ડે બસંતી!' કહીને સમૂહગાન ગાયું. વર્માએ પછી બસંતીને કેકના ટુકડા અને કેળા ખવડાવ્યા અને ગ્રામજનોમાં મીઠાઈ વહેંચી. પત્રકારો સાથે વાત કરતાં વર્માએ કહ્યું કે, તેમણે પોતાની પાળતુ ભેંસ પ્રત્યેનો સ્નેહ વ્યક્ત કરવાના એક માર્ગ તરીકે આ અસાધારણ ઉજવણી પસંદ કરી હતી.

વર્માએ કહ્યું, ''હું મારી ભેંસને મારા પરિવારની સભ્ય માનું છું. હું તેના પ્રત્યે મારો સ્નેહ અલગ રીતે વ્યક્ત કરવા માંગતો હતો.''

ગ્રામજનો દ્વારા ઉત્સાહપૂર્વક હાજરી આપવામાં આવેલી આ ઉજવણીનો વીડિયો રેકોર્ડ કરવામાં આવ્યો હતો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.



# કેનેડાના ટોરોન્ટોમાં વાવાઝોડું: હજારો લોકો વીજળી વિહોણા

**ઇમારતોને** નુકસાન, રસ્તાઓ બંધ થઇ ગયા, ફ્લાઇટો મોડી પડી

ટોરોન્ટો, તા. 3: કેનેડાના સૌથી મોટા શહેર ટોરોન્ટોમાં એક શક્તિશાળી વાવાઝોડું ત્રાટક્યું હતું જેના કારણે ઈમારતોને નુકસાન થયું હતું, રસ્તાઓ બંધ થઈ ગયા હતા અને હજારો રહીશોનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. બુધવારે આવેલા આ વાવાઝોડામાં મૂશળધાર વરસાદ, તેજ પવન અને મોટા કરા પડ્યા હતા, જેને પગલે કેટલાક વિસ્તારોમાં ચક્રવાત માટેની સાવચેતી અને ચેતવણીઓ જારી કરવામાં આવી હતી. ઈલેક્ટ્રિસિટી પ્રોવાઈડર 'ટોરોન્ટો હાઈડ્રો'ના જણાવ્યા અનુસાર, બુધવારે રાત્રે 8 વાગ્યા સુધીમાં ઓછામાં ઓછા 45,000 ગ્રાહકો વીજળી વગરના થઈ ગયા હતા.

# નેપાળમાં પૂરના કારણે મૃત્યુઆંક 1,259 થયો, હજી પણ હજારો લોકો ગુમ

**સ્વજનો** જીવંત મળવાની આશા છોડી પરિવારોએ કુશના ઘાસના પૂતળાં બનાવી પ્રતીકાત્મક અંતિમ સંસ્કાર શરૂ કર્યા



કાઠમંડુ, તા. 3 (PTI) નેપાળમાં આવેલા વિનાશક આકસ્મિક પૂરને કારણે મૃત્યુઆંક ગુરુવારે વધીને 1,259 પર પહોંચી ગયો છે, જેમાં 5,000થી વધુ લોકો હજી પણ ગુમ છે. દિવસો સુધી તેમના સંબંધીઓ વિશે કોઈ માહિતી ન મળ્યા બાદ પરિવારો તેમના માટે પ્રતીકાત્મક અંતિમ સંસ્કારની વિધિ કરી રહ્યા છે. 26 ઓગસ્ટે નેપાળ-તિબેટ સરહદ નજીક બરફ અને ખડકોના ભૂસ્ખલનને કારણે આવેલા આકસ્મિક પૂરે ઉત્તરીય અને મધ્ય નેપાળનાં શહેરો અને ગામડાઓને તબાહ કરી દીધાં હતાં, જેનાથી સર્વત્ર વિનાશ સર્જાયો છે.

નેપાળના નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીઆરઆરએમએ) દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, ભોટેકોશી નદીના પૂરથી મૃત્યુઆંક ગુરુવારે વધીને 1,259 થયો છે, જ્યારે 5,083 લોકો હજી પણ ગુમ છે. ઓનલાઇનખબર ન્યૂઝ પોર્ટલે ગુરુવારે અહેવાલ આપ્યો હતો કે, રસુવા જિલ્લાના પહારેબેસી ગામમાં રહેવાસીઓએ આઠ દિવસ સુધી તેમના ગુમ થયેલા સંબંધીઓનાં ઠેકાણાં વિશે કોઈ માહિતી ન મળ્યા બાદ તેમની અંતિમવિધિ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

ધ કાઠમંડુ પોસ્ટ અખબારે અહેવાલ આપ્યો છે કે, પૂર પ્રભાવિત વિસ્તારોમાં પરિવારોએ તેમના ગુમ થયેલા સંબંધીઓને જીવંત શોધવાની આશા ઓછી થતાં તેમના અંતિમ સંસ્કાર કરવા માટે કુશના ઘાસમાંથી બનાવેલાં પૂતળાંનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. પરિવારોએ જણાવ્યું હતું કે, તેઓ પ્રતીકાત્મક અંતિમ સંસ્કારનો રસ્તો એટલા માટે અપનાવી રહ્યા છે કારણ કે ગુમ થયેલા તમામ લોકોને શોધી કાઢવાની આશા બહુ ઓછી છે અને મૃતદેહોની ઓળખ કરવી વધુ ને વધુ મુશ્કેલ બની ગઈ છે.



# ચીનમાં એક શખ્સે ખંજવાળી આપવાનો ધંધો શરૂ કર્યો: મબલખ કમાણી!

**બે** આઉટલેટમાંથી મહિનાની રૂ. ૧૪ લાખ જેટલી આવક થાય છે

**પીઠ** ખંજવાળવાના કલાકે વસૂલે છે 4,200

બૈજિંગ, તા. ૩: ચીનમાં એક 32 વર્ષીય ઉદ્યોગસાહસિકે એક આશ્ચર્યજનક રીતે સરળ વિચારને અસામાન્ય વ્યવસાયમાં ફેરવી દીધો છે: લોકો હવે કોઈને તેમની પીઠ અને અન્ય ખંજવાળવાળા સ્થળો ખંજવાળવા માટે પૈસા આપી શકે છે. હુબેઈ પ્રાંતના ઝાંગ ઝિયાઓકિયાઓએ સુમા બ્રાન્ડ હેઠળ શેનઝેનમાં આ સેવા શરૂ કરી. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, ગ્રાહકો મસાજ પાર્લરની જેમ જ પથારી પર સૂતા હોય છે જ્યારે તાલીમ પામેલા સ્ટાફ ખાસ ડિઝાઈન કરેલા પોઈન્ટેડ નખનો ઉપયોગ કરીને તેમના શરીરના વિવિધ ભાગોને હળવેથી ખંજવાળી આપે છે!

આ સેવાનો ખર્ચ 300 યુઆન(લગભગ 4200 રૂપિયા) પ્રતિ કલાક છે અને તેને આરામ કરવા, તણાવ દૂર કરવા અને ઊંઘ સુધારવા માટે માર્કેટિંગ કરવામાં આવે છે. ગ્રાહકો સ્ટાફને એ પણ કહી શકે છે કે કયા વિસ્તારોમાં ખાસ ખંજવાળ આવે છે જેથી તેઓ તે સ્થળો પર ધ્યાન કેન્દ્રિત કરી શકે.

# RSS સાથે જોડાયેલા લોકો પાસેથી ફંડિંગ નહીં લઈએ: USના 90 નેતાઓનો સંકલ્પ

**મોહન** ભાગવતના અમેરિકા પ્રવાસ બાદ બબાલ; ભારતીય મૂળના અમેરિકી સંસદ-સભ્યો રો ખન્ના અને પ્રમિલા જયપાલ સહિતના નેતાઓએ લીધી પ્રતિજ્ઞા

**હિંદુ** અમેરિકન પોલિટિકલ એક્શન કમિટીએ આને અતિ-ડાબેરી જૂથોનું કામ ગણાવ્યું

વૉશિંગ્ટન, તા. ૩: અમેરિકાના 90 રાજકારણીઓના એક જૂથે, જેમાં ભારતીય મૂળના અમેરિકી સંસદ-સભ્યો રો ખન્ના અને પ્રમિલા જયપાલ સામેલ છે, તેમણે આરએસએસ સાથે જોડાયેલા વ્યક્તિઓ અને સંસ્થાઓ પાસેથી કોઈ પણ પ્રકારનું દાન ન સ્વીકારવાની પ્રતિજ્ઞા લીધી છે. આરએસએસના વડા મોહન ભાગવતે 29 ઓગસ્ટે ન્યૂ યોર્ક સિટીના મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે આંતરધર્મીય સમજણ અને "સાર્વત્રિક એકતા"ને પ્રોત્સાહન આપવા માટે સ્ટેજ પરથી સંબોધન કર્યાના થોડા દિવસો બાદ જ આ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ પ્રતિજ્ઞા પાછળનું અભિયાન ભાગવતની અમેરિકા યાત્રાના જવાબમાં શરૂ કરવામાં આવ્યું હતું. હિંદુ અમેરિકન પોલિટિકલ એક્શન કમિટીએ બાદમાં આ પહેલની ટીકા કરતા તેને કટ્ટરપંથી અતિ-ડાબેરી જૂથોનું કામ ગણાવ્યું હતું અને તેને અમેરિકા-વિરોધી અને હિંદુ-વિરોધી ગણાવ્યું હતું. 'હિંદુઝ ફોર હ્યુમન રાઈટ્સ એક્શન' અને 'સાઉથ એશિયન અમેરિકન કોઅલિશન ટુ રિન્યૂ ડેમોક્રેસી એક્ટ્સ'(SACRED Acts) નામના માનવ અધિકારવાદી જૂથો દ્વારા 31 ઓગસ્ટના રોજ જાહેર કરવામાં આવેલી આ પ્રતિજ્ઞા, અમેરિકાના આઠ રાજ્યોના ચૂંટાયેલા અધિકારીઓ અને ઉમેદવારોને RSS સાથે જોડાયેલી વ્યક્તિઓ અને સંલગ્ન સંસ્થાઓ પાસેથી નાણાકીય યોગદાન ન સ્વીકારવા માટે પ્રતિબદ્ધ કરે છે.

# સંરક્ષણ સહકાર વધારવા, વેપાર બમણો કરવા ભારત-બેલ્જિયમ સંમત

**બેલ્જિયન** વડાપ્રધાનની આગેવાની હેઠળ દિલ્હી આવેલ પ્રતિનિધિમંડળે ભારતીય સમકક્ષો સાથે મંત્રણા કરી

નવી દિલ્હી, તા. ૩(પીટીઆઇ): ભારત અને બેલ્જિયમે ગુરુવારે સંરક્ષણ સહયોગ વિસ્તારવા માટે શ્રેણીબદ્ધ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના બેલ્જિયન સમકક્ષ બાર્ટ દે વેવરે વિભાજિત વૈશ્વિક ભૂરાજકીય વાતાવરણ વચ્ચે સંબંધોને મજબૂત કરવા માટે વેપાર અને રોકાણ, મહત્વના ખનિજો, હાઈ ટેકનોલોજી અને સેમિકન્ડક્ટર્સને મુખ્ય ચાલક બળ તરીકે ગણાવ્યા હતા. બંને નેતાઓ વચ્ચેની વિસ્તૃત ચર્ચા બાદ, મોદીએ છેલ્લા ક્વાર્ટરમાં ભારતના 7.8 ટકાના આર્થિક વિકાસ દરની બાબત ઉજાગર કરી હતી અને દેશના ઉદયને વિશ્વ માટે આત્મવિશ્વાસ અને નવી તકોના સ્ત્રોત તરીકે રજૂ કર્યો હતો. બંને દેશોએ સંરક્ષણ સંબંધો વધારવા અને પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે એક-એક કરાર સહિત પાંચ કરારો કર્યા હતા.


KALAMANDIR
આજનો સોનાનો ભાવ
22 KT 1,42,490/- પ્રતિ ૧૦ ગ્રામ
18 KT 1,16,560/- પ્રતિ ૧૦ ગ્રામ
14 KT 90,650/- પ્રતિ ૧૦ ગ્રામ
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા | +91 95109 70230


## પેજ3

### અરબાઝ ખાન અને મલાઇકા અરોડાનો પુત્ર બોલિવૂડમાં એન્ટ્રી કરશે





મુંબઈ, તા. 3: અરબાઝ ખાન અને મલાઇકા અરોડા માટે ખૂબ જ એક્સાઇટિંગ મોમેન્ટ આવી રહી છે, કારણ કે, તેમનો પુત્ર અરહાન હવે બોલિવૂડમાં ડેબ્યૂ કરવાનો છે. તે બોલિવૂડ ફિલ્મમાં હીરો તરીકે જોવા મળશે. અરબાઝ ખાન અને મલાઇકા અરોડાના પુત્ર અરહાન ખાન ઘણી વાર ઇવેન્ટ્સમાં જોવા મળે છે, પરંતુ હવે સમાચાર આવી રહ્યા છે કે તે એક્ટિંગની દુનિયામાં એન્ટ્રી લેવા જઈ રહ્યો છે. જી હા, સલમાનનો ભત્રીજો અરહાન હવે બોલિવૂડ હીરો બનવાનો છે અને તે પણ એક્શન હીરો બનીને એન્ટ્રી લેશે. રિપોર્ટ મુજબ, અરબાઝ અને મલાઇકાનો પુત્ર અરહાન હવે બોલિવૂડમાં એક એક્શન ફિલ્મમાં લોન્ચ થવાનો છે.

### ઇલાયચી એડ વિવાદ: અજય અને ટાઇગરે FDAને આપ્યો જવાબ, SRKની પ્રતિક્રિયા બાકી



મુંબઈ, તા. 3: અજય દેવગણ અને ટાઇગર શ્રોફે ઇલાયચી જાહેરાતના સંબંધમાં મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ને તેમના જવાબો સબમિટ કર્યા છે, જ્યારે શાહરૂખ ખાનના જવાબની હજી પણ રાહ જોવાઈ રહી છે. દેવગન અને શ્રોફના જવાબો નિયામકને મળી ગયા છે. જોકે, અહેવાલ મુજબ, એફડીએને હજી સુધી શાહરૂખ ખાન તરફથી કોઈ જવાબ મળ્યો નથી. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. આ ઘટનાક્રમ શાહરૂખ ખાન, અજય દેવગણ અને ટાઇગર શ્રોફને આ અભિયાન સાથેના તેમના જોડાણ બદલ મહારાષ્ટ્ર એફડીએ દ્વારા કારણ દર્શાવો નોટિસ આપ્યાના અઠવાડિયા પછી આવ્યો છે. નિયામકે સવાલ ઉઠાવ્યો હતો કે શું આ જાહેરાત વિમલ પાન મસાલાના પરોક્ષ (સરોગેટ) પ્રમોશન સમાન હોઈ શકે છે, જેના પર મહારાષ્ટ્રમાં પ્રતિબંધ છે.

# સરકારી અધિકારીઓની રીલ્સ અને વીડિયો પર વાગશે બ્રેક

નવી દિલ્હી, તા. 3 (PTI) સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ જેવા કે એક્સ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર કર્મચારીઓ દ્વારા રીલ્સ, વીડિયો અને તેમના વ્યક્તિગત વિચારો પોસ્ટ કરવાના વધતા ચલણ વચ્ચે સરકાર તેના અધિકારીઓ અને કર્મચારીઓ માટે આચારસંહિતા રજૂ કરે તેવી શક્યતા છે. એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. સરકારના સર્વોચ્ચ સ્તરે આ મુદ્દા પર વિચારમંથન કરવામાં આવ્યું હતું, જે હવે વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર અધિકારીઓને અનુચિત વિષયો પર વીડિયો અથવા વિચારો પોસ્ટ કરતા રોકવા માટે આચારસંહિતા બનાવવાનું વિચારી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, એકવાર આચારસંહિતા તૈયાર થઈ જાય પછી તે તમામ અધિકારીઓ અને કર્મચારીઓ પર લાગુ કરવામાં આવશે, પછી ભલે તેમના હોદ્દા કે કેડર ગમે તે હોય. જોકે, આ સોશિયલ મીડિયા આચારસંહિતા ક્યારે બહાર પાડવામાં આવશે અને તેની સંભવિત માર્ગદર્શિકાઓ શું હશે તે તાત્કાલિક જાણી શકાયું નથી.

# મિનેઆપોલિસમાં અંધાધૂંધ ગોળીબાર: શૂટર સહિત 3નાં મોત

મિનેઆપોલિસ, તા. ૩ (AP) ડાઉનટાઉન મિનેઆપોલિસના એક એપાર્ટમેન્ટમાં બુધવારે સક્રિય ગોળીબારની ઘટના સામે આવતા પોલીસ જ્યારે પહોંચી ત્યારે સમગ્ર બિલ્ડિંગમાં ગોળીબારનો અવાજ સંભળાઈ રહ્યો હતો. આ ઘટનામાં શંકાસ્પદ સહિત ત્રણ લોકોનાં મોત થયાં છે અને અન્ય પાંચ લોકો ઘાયલ થયા છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. પોલીસ સાર્જન્ટ ગેરેટ પાર્ટેને એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, ગોળીબારમાં ઘાયલ થયેલા પાંચ લોકોમાં મિનેઆપોલિસના બે પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે.


વેસ્ટર્ન રેલવે
સિગ્નલિંગ વર્ક
સીનિયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર (સાઉથ), બીજો માળ, ડિવિઝનલ રેલવે મેનેજર્સ ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008, ઈ-ટેન્ડર નં: W_931_2024_466_2025_SG_R1 તારીખ: 01.09.2026 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થળ: ના સંબંધમાં સિગ્નલિંગ કાર્ય: i) ચર્ચગેટ - વિરાર- TTR (FS+TWS+WCMSC) - 80 સેટ્સ, TTR (CMSC)-71 સેટ્સ, TTR (CS) - 49 સેટ્સ અને SEJs-62 નંગ. મુંબઈ ડિવિઝન વેસ્ટર્ન રેલવેના ચર્ચગેટ - વિરાર સેક્શનમાં. ii) મુંબઈ ડિવિઝન વેસ્ટર્ન રેલવેના ચર્ચગેટ - વિરાર- TTR(P) 16.501 Tkm અને TSR (P) 24.645 TKm. કામનો અંદાજિત ખર્ચ: ₹ 58,34,203.30. EMD: ₹ 1,16,700/-. ઈ-ટેન્ડર દસ્તાવેજો જમા કરાવવા માટે બંધ થવાની તારીખ અને સમય: 24.09.2026, 15:00 કલાક સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 24.09.2026ના રોજ 15:30 કલાકે. ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0548
અમને લાઇક કરો: facebook.com/WesternRly



Central Bank of India
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
રીજનલ ઓફિસ : ૪૧૬-૪૧૯, ચોથો માળ, યુટીસી બિલ્ડીંગ, નિર્મલ હોસ્પિટલની સામે, અડાજણ, સુરત-૩૯૫૦૦૧.
સુધારો
કૃપા કરીને આ દૈનિક સમાચાર ગુજરાત મિત્ર (સુરત એડીશન) માં છપાયેલ તા. ૦૩.૦૯.૨૦૨૬ ના રોજ જંગમ મિલકતો (મશીનરી)ની વેચાણ માટેની ઈ-હરાજી કમ વેચાણ નોટીસ ના અનુસંધાને જણાવવાનું કે કૃપા કરીને ઈ-હરાજી નોટીસમાં ક્રમાંક નં. ૧ (એકાઉન્ટ નામ : મે. ભાવેશ ટેક્ષટાઈલ) અનામત કિંમત માં કૃપા કરીને રૂા. ૯,૦૦,૦૦૦/- ને બદલે રૂા. ૧૮,૦૦,૦૦૦/- એમ સુધારીને વાંચવી. અને ઈએમડી માં કૃપા કરીને રૂા. ૯૦,૦૦૦/- ને બદલે રૂા. ૧,૮૦,૦૦૦/- એમ સુધારીને વાંચવી., ક્રમાંક નં. ૨ (એકાઉન્ટ નામ : મે. ઝાખી ટેક્ષટાઈલ) અનામત કિંમત માં કૃપા કરીને રૂા. ૯,૦૦,૦૦૦/- ને બદલે રૂા. ૧૮,૦૦,૦૦૦/- એમ સુધારીને વાંચવી. અને ઈએમડી માં કૃપા કરીને રૂા. ૯૦,૦૦૦/- ને બદલે રૂા. ૧,૮૦,૦૦૦/- એમ સુધારીને વાંચવી. અને ક્રમાંક નં. ૩ (એકાઉન્ટ નામ : મે. પુરી ટેક્ષટાઈલ) અનામત કિંમત માં કૃપા કરીને રૂા. ૯,૦૦,૦૦૦/- ને બદલે રૂા. ૧૮,૦૦,૦૦૦/- એમ સુધારીને વાંચવી. અને ઈએમડી માં કૃપા કરીને રૂા. ૯૦,૦૦૦/- ને બદલે રૂા. ૧,૮૦,૦૦૦/- એમ સુધારીને વાંચવી. અન્ય બધી વિગતો યથાવત છે.
તા. ૦૩.૦૯.૨૦૨૬ અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા



પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ
OHE ફેરફાર
ભારતના રાષ્ટ્રપતિના વતી નીચેના કામો માટે મંડળ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ TRD), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા – ૩૯૦૦૦૪ દ્વારા ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. ટેન્ડર નંબર: EL-TRD-Tender-25-26-39-1 તારીખ: 31/08/2026 કામનું નામ: આણંદ-ખંભાત સેક્શનમાં ૧૨ કોચ મેમુ સમાવવા તથા ૦૫ એલસીના બદલે આરયુબીની જોગવાઈ કરવાના સંબંધમાં OHE ફેરફાર અને અન્ય સંલગ્ન કામગીરી. કામની અંદાજિત કિંમત: ₹૮૯,૫૨,૫૧૯.00/- બિડ સિક્યુરિટી: ₹૧,૭૯,100.00/- ટેન્ડર દસ્તાવેજની કિંમત અને કામ પૂર્ણ કરવાની અવધિ: કામ પૂર્ણ કરવાની અવધિ ૧૮ મહિના ટેન્ડરની નિર્ધારિત તારીખ: ટેન્ડર બંધ થવાની તારીખ ૦૧/૧૦/૨૦૨૬ બંધ થવાનો સમય તે જ દિવસે ૧૫:00 કલાકે વેબ પેજની વિગતો અને નોટિસનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે તથા કચેરીનું સરનામું અને સ્પષ્ટતા માટે: www.ireps.gov.in મંડળ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ TRD), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા – ૩૯૦૦૦૪. BRC-219
અમને ફોલો કરો: facebook.com/WesternRly



TORRENT POWER
વીજપ્રવાહ બંધ રહેવા બાબત
ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.
- ૦૭/૦૯/૨૦૨૬, સોમવાર : સિટી પેલેસ (ડુંભાલ)
- ૦૮/૦૯/૨૦૨૬, મંગળવાર : મિલેનિયમ હાઉસ-HT, પટેલ ઈન્ડ. નં.૧ (વેડ રોડ)-T૧, રામેશ્વર ઈન્ડ. નં.૩ (વેડ રોડ)
- ૦૯/૦૯/૨૦૨૬, બુધવાર : મિલેનિયમ હાઉસ નં.૨, મિલેનિયમ હાઉસ નં.૩, અક્ષર ટાઉનશિપ નં.૧ (પી.કે. રોડ)
- ૧૦/૦૯/૨૦૨૬, ગુરુવાર : નીલ ગંગા (આદર્શ સોસાયટી), સરદાર ઈન્ડ. (યુએમ રોડ), પાર્થ (સિટી લાઈટ)
- ૧૧/૦૯/૨૦૨૬, શુક્રવાર : કુબેરજી કોરિડોર, બી. મહેશ (કતારગામ રોડ)

અસુવિધા બદલ દિલગીર છીએ
વરિષ્ઠ અને દિવ્યાંગ નાગરિક ઘરે બેઠા અમારી સેવાઓ ઉપલબ્ધ કરી શકશે જે મેળવવા કોલ 19128 / 0261-2551912 / 9099991912 અથવા મેઈલ connect.srt@torrentpower.com કરવા વિનંતી
WhatsApp 8141970070



ઓન લાઈન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
જાહેર નિવિદા નં - ૧૯ સને ૨૦૨૬-૨૭
ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોનનં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા ૦૧ બિલ્ડીંગ ના કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી તથા યોગ્ય લાયકાત ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૩૪૯.૬૧ લાખ છે. ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૨૨/૦૯/૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.
માહિતી/નર્મદા/૨૪૫/૨૦૨૬-૨૭



રાજપીપળા નગરપાલિકા
ઈ-ટેન્ડરીંગ
આથી નીચે મુજબના કામો કરવાના હોઈ ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવાના છે ટેન્ડરની વિગત https://tender.nprocure.com પર જોવા મળશે. કોન્ટ્રાક્ટરશ્રી દ્વારા ટેન્ડરમાં માંગ્યા મુજબના પુરાવા જોડવાના રહેશે.

| અ.ન. | કામનું નામ | કામની અંદાજીત રકમ | ઈ.એમ.ડી. | ટેન્ડર ફી |
|---|---|---|---|---|
| ૧ | રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬ નિમિત્તે સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતા નગર ખાતે સેનિટેશનનું કામ Tender ID-341479 | ૧૨,૭૧,૪૫૦૦૦ | ૧૨૭૧૪૫૦ | ૧૫૦૦૦ |

- ટેન્ડર ડાઉનલોડ અને સબમિશન કરવાની તારીખ: ૦૨/૦૯/૨૦૨૬ થી ૧૬/૦૯/૨૦૨૬
- ભૌતિક સબમિશન તારીખ: ૧૮/૦૯/૨૦૨૬
- ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ: ૧૯/૦૯/૨૦૨૬

નગરપાલિકા કચેરી, રાજપીપળા — (વૈશાલી જી.વરિયા) મુખ્ય અધિકારી રાજપીપળા નગરપાલિકા — (શિવાંગીબેન એ.મહેતા) પ્રમુખ રાજપીપળા નગરપાલિકા
માહીતી/નર્મદા/૨૪૮/૨૦૨૬-૨૭



ઓનલાઈન જાહેર નિવીદા - ૮૦ (૨૦૨૬-૨૭)
પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર
(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)
અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટેશન યુનીટ, ડી-૧ થી ડી-૧૨ સ્ટાફ ક્વાટર્સની પાસે, નવી સીવીલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત-૩૯૫૦૦૧ ફોન નં (૦૨૬૧) ૨૨૩૫૪૨૩ અને ફેક્સ નં - (૦૨૬૧) ૨૨૩૩૬૯૭ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૦૧ (એક) થી ૦૫ (પાંચ) જેની અંદાજીત કીંમત રૂા. ૪૨.૬૧ લાખથી ૭૯.૦૯ લાખની છે. જે કામ ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી ટેન્ડર માંગવામાં આવે છે. આ કામના ના ટેન્ડરનાં દસ્તાવેજો વેબ સાઈટ www.tender.nprocure.com ઉપર તા. ૧૧-૦૯-૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.
નોંધ ૧ - ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં સ્પીડ પોસ્ટ થી મોકલવાના રહેશે.
ક્રમાંક: માહિતી-સૂરત/૫૫૭/૨૦૨૬



ઓનલાઈન જાહેર નિવીદા - ૮૨ (૨૦૨૬-૨૭)
પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)
અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટેશન યુનીટ, ડી-૧ થી ડી-૧૨ સ્ટાફ ક્વાટર્સની પાસે, નવી સીવીલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત-૩૯૫૦૦૧ ફોન નં (૦૨૬૧) ૨૨૩૫૪૨૩ અને ફેક્સ નં - (૦૨૬૧) ૨૨૩૩૬૯૭ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૦૧ (એક) અને ૦૨ (બે) જેની અંદાજીત કીંમત રૂા. ૯૪૭.૨૫ લાખથી ૪૮૩૪.૧૪ લાખની છે. જે કામ ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી ટેન્ડર માંગવામાં આવે છે. પ્રિ- બિડ મીટિંગ તા.૧૭-૦૯-૨૦૨૬ ના ૧૨.૦૦ કલાકે છે. આ કામના ના ટેન્ડરનાં દસ્તાવેજો વેબ સાઈટ www.tender.nprocure.com ઉપર તા. ૨૮-૦૯-૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.
નોંધ ૧ - ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં સ્પીડ પોસ્ટ થી મોકલવાના રહેશે.
ક્રમાંક: માહિતી-સૂરત/૫૬૧/૨૦૨૬



જાહેર હરાજી
આથી રસ ધરાવતા જાહેર ઈસમોને જણાવવામાં આવે છે કે ગડી ગામમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ વલસાડ સંચાલિત ગડી પ્રાથમિક શાળા આવેલ છે. તે શાળાના નળિયાવાળા ત્રણ (૩) જર્જરિત ઓરડાની કાટમાળની હરાજી કરવા બાબત.
હરાજીમાં ભાગ લેવા માટે હરાજી શરૂ થતા પહેલા એક હજાર અંકે રૂપિયા ૧૦૦૦ પુરા ડિપોઝિટ પેટે (રિફંડેબલ) રકમ ભરવાની રહેશે. તે સિવાય હરાજીમાં ભાગ લઈ શકાશે નહીં. હરાજીની તમામ શરતો હરાજી પહેલા વાંચી સંભળાવવામાં આવશે તે તમામને બંધન કર્તા રહેશે.
હરાજીમાં મહત્તમ બોલી બોલનારને કાટમાળ ખરીદવા હકદાર ગણાશે. તેઓએ કરેલ બોલીની ૨૫% રકમ તાત્કાલિક સ્થળ પર ભરવાની રહેશે અને બાકીની રકમ શરત પ્રમાણે ભરવાની રહેશે. અન્યથા ડિપોઝીટની રકમ જપ્ત કરવા પાત્ર થશે.
હરાજીનું સ્થળ: ગડી પ્રાથમિક શાળા તા.ધરમપુર જિ.વલસાડ
હરાજીની તારીખ : ૨૩/૦૯/૨૦૨૬
વાર : બુધવાર
સમય : ૧૧:૦૦ કલાકે (સવારે)
એલ.જી. ગાંવિત, મુખ્ય શિક્ષક, ગડી પ્રાથમિક શાળા, તા. ધરમપુર, જિ. વલસાડ.
નં.માહિતી/વલસાડ/૩૬૮/૨૦૨૬



ઓન લાઈન ટેન્ડરીંગ
જાહેર નિવિદા નં.૨૦, સને.૨૦૨૬-૨૭
પંચમહાલ જિલ્લા પંચાયત મા×મ વિભાગ, ગોધરા.
કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા×મ) વિભાગ, જિલ્લા પંચાયત, પંચમહાલ-ગોધરા, ફોન નં. ૦૨૬૭૨-૨૫૩૩૮૪ દ્વારા ઓનલાઈન ઈ-ટેન્ડર માન્ય ઈજારદારશ્રીઓ પાસે થી રસ્તાના પેકેજ-૨૮, રસ્તા-૨૬, અને સ્ટ્રક્ચર-૩, કુલ-૫૭ કામ જેની અંદાજી રકમ રૂા.૫૦.૪૨ લાખ થી રૂા.૧૯૯.૮૬ લાખ સુધી ની કિંમત માટે ના ઈ-ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડર ના દસ્તાવેજો http;/tender.nprocure.com વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetendersgujarat.gov.in ઉપર જોવા મળશે. ઈજારદારશ્રીઓએ ઓન લાઈન ની વેબ સાઈટ ઉપર ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ માર્ગે કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.
મુળભુત ટેન્ડર દસ્તાવેજ રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમ્યાન જોવા મળશે.
ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઓન લાઈન સબ મીશન ની છેલ્લી તારીખ. | તા.૭/૧૦/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) | તા.૮/૧૦/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક |

(માહિતી/ગોધરા/૪૬૮/૨૬)